GJJN210004512026

દાખલ તારીખ ૦૪/૦૬/૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૦૪/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ : ૨૨/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
: ૦૦–૦૦–૧૮

**કેશોદના નામદાર બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં**
**મુકામઃ કેશોદ.**

**ક્રિ. રીવીઝન અરજી નં.૦૮/૨૦૨૬**
**આંક–**

શ્રી સરકાર
( શીલ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૩૦૫૫૨૫૦૩૯૭/૨૦૨૫)
થૃ એડી.પી.પી.શ્રી, કેશોદ ............................ અરજદાર/ફરિયાદી

વિરૂધ્ધ

(૧) રવિભાઇ હમીરભાઇ ભારાઇ,
રહે ગાંધીગ્રામ, જૂનાગઢ,
તા.જૂનાગઢ, જિ. જૂનાગઢ. .............................સામાવાળા/આરોપી

બાબતઃકેશોદના ચીફ જ્યુડી. મેજી.શ્રીની કોર્ટ દ્વારા શીલ પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૫૫૨૫૦૩૯૭/૨૦૨૫, પ્રોહી. કલમ–૬૫ (એ) (ઇ), ૮૧, ૯૮ (૨), બી.એન.એલ.ની કલમ–૩૩૬ (૨), ૩૩૬ (૩), ૩૪૦ (૨) મુજબના કામે રીમાન્ડ અરજી નામંજુર કરેલ તે હુકમ સામે રીવીઝન અરજી.

અરજદાર/ફરિયાદી શ્રી સરકાર તરફે વિ.એડી. પી.પી.શ્રી એ.એમ.પારેખ
સામાવાળા/આરોપી તરફે વિ.વ.શ્રી વી.એલ.દેવાણી

**ઠ રા વ**

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, કેશોદના ચીફ જ્યુડી. મેજી. ફ.ક.શ્રીની કોર્ટ દ્વારા શીલ મરીન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૫૫૨૫૦૩૯૭/૨૦૨૫, પ્રોહી. કલમ–૬૫ (એ) (ઇ), ૮૧, ૯૮ (૨), બી.એન.એસ. કલમ–૩૩૬ (૨), ૩૩૬ (૩), ૩૪૦ (૨) મુજબના ગુનાની ફરિયાદ તા.૦૩–૦૨–૨૦૨૬ ના રોજ ઉપરોકત સામાવાળાની દીન–૦૫ ના રીમાન્ડ અરજી નામદાર કોર્ટમાં રજુ કરતા, નામદાર જ્યુડી.મેજી.ફ.ક. માંગરોળનાઓએ તા.૩૦–૦૩–

૨૦૨૬ ના રોજ આ કામના સામાવાળાની રીમાન્ડ અરજી ના–મજુંર કરતો હુકમ કરેલ છે. સામાવાળાઓ સામેના ગુન્હાની તપાસ તેમની હાજરીમાં અને પોલીસ કસ્ટડી રીમાન્ડ દરમ્યાન થઈ શકે તેમ હોય નીચેના મુખ્ય કારણોસર આ રીવીઝન અરજી લાવવા અને નામ. નીચેની કોર્ટનો રીમાન્ડની માગણી રદ કરતો હુકમ રદ થવા પાત્ર હોય, આ રીવીઝન અરજી અત્રેની નામ. કોર્ટમાં લાવવા રજા, પરવાનગી માંગેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ રીવીઝન અરજી ચલાવવા આપ નામ. કોર્ટને હકુમત હોવાનું જણાવી રીવીઝન અરજીના મુખ્ય કારણોમાં જણાવેલ છે કે, (એ) નામદાર નીચેની કોર્ટે જે હુકમ કરેલ છે તે અસંતોષકારક હોય તેમજ રીમાન્ડ અરજી રદ કરવાના જે કારણો આપેલ છે તે યોગ્ય તેમજ પુરતા નથી. (બી) આ કામે તપાસ દરમ્યાન ફલીત થયેલ હકિકત મુજબ પકડાયેલ દારૂનો ધંધાનો મુખ્ય હેન્ડલર હાલનો આરોપી જ છે. તેમ છતા હાલનો આરોપી સાચી હકિકત જણાવતા નથી અને ગુનાનો આરોપ પોતાના સહ આરોપીઓ પર ઢોળી પોતાનો બચાવ કરે છે. જેથી આ કામે પકડાયેલ આરોપીઓ પૈકી સહ આરોપી સચીન ભીખાભાઈ ચુડાસમાં રહે. ચોરવાડ વાળો હાલ આપ નામદાર કોર્ટની કસ્ટડીમાં સબ જેલ માંગરોળ ખાતે છે. જેથી હાલના આરોપીને સાથે રાખી સબ જેલ માંગરોળ ખાતે આરોપી ઉપરોક્ત આરોપી જોડે સંયુક્તમાં પુછપરછ કરવામાં આવે તો સાચી હકિકત મળી આવે તેમ છે. (સી) આ કામે હાલના આરોપીના જણાવ્યા મુજબ પકડાયેલ દારૂનો જથ્થો રવિ હમીરભાઇ ભારાઇ રહે. જુનાગઢ વાળા પાસેથી મંગાવેલ હતો અને તપાસમાં ફલીત થયા મુજબ અગાઉ પણ તેની પાસેથી હાલના આરોપીએ પાંચ થી સાત દારૂની ગાડી મંગાવેલ છે. જે આરોપી રવિ હમીર ભારાઇ, રહે. જૂનાગઢવાળો શીલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૩૦૫૫૨૫૦૪૦૨/૨૦૨૫ ધી ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એક્ટ–૨૦૧૫ ની કલમ–(૩) (૧) ની પેટા (૨), ૩ (૨) તથા ૩ (૪) મુજબના ગુનાના કામે નડીયાદ જેલમાં છે. જેથી હાલના આરોપીને સાથે રાખી નડિયાદ જેલ ખાતે આરોપી રવિ હમીર ભારાઇની પુછપરછ કરવામાં આવે તો ખરેખર કેટલી ગાડી દારૂની હાલના આરોપીએ મંગાવેલ હતી, તે ગાડીઓના નંબર તથા ડ્રાઇવર કલીનર કોણ કોણ હતા વિગેરે હકિકત મળી આવે તેમ છે. જેથી હાલના આરોપીની જરૂરીયાત છે. (ડી) તપાસમાં ફલીત થયેલ હકિકત મુજબ હાલનો આરોપી દારૂના ધંધાનો મુખ્ય હેન્ડલર છે. જે આ ગે.કા. ધંધાનો તમામ વહીવટ કરતો હોય. જેથી સહ આરોપીઓને તેણે ક્યા માધ્યમથી પૈસા મોકલાવેલા અને લીધેલા (આંગડીયા પેઢી, બેંક દ્વારા, પેમેન્ટ એપ્લીકેશન) તે માહિતી મળી આવે તો સબળ પુરાવા મળી આવે તેમ છે. જે હકિકત હાલનો આરોપી જ જણાવી શકે તેમ છે. જેથી તેની હાજરી જરૂરી છે. (ઇ) હાલનો આરોપી આશરે ચાર મહિનાથી

ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ છુપાતો ફરતો હતો અને તેના વિરુધ્ધ નામદાર કોર્ટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ ૭૨ મુજબનુ વોરંટ પણ જારી કરેલ છે. જેથી હાલના આરોપીને આટલા લાંબા સમય સુધી કોણે આશરો આપેલ હતો અને શુ મદદ કરેલ હતી. જે અંગે કોઇ હકિકત જણાવતો નથી. તે હકિકત માત્ર હાલનો આરોપી જ જણાવી શકે છે. જે હકિકત મેળવી આવી ગે.કા. મદદ કરનાર ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે હાલના આરોપીની હાજરી આવશ્યક છે. (એફ) આ કામે અગાઉ પકડાયેલ આરોપી સચીન ચુડાસમાના જણાવ્યા મુજબ તેઓએ આશરે પાંચથી સાત ગાડી દારૂની મંગાવેલ હતી. જે પૈકી રવિ ભારાઈ પાસેથી માત્ર બે જ દારૂની ગાડી મંગાવેલ હતી. જ્યારે અન્ય દારૂની ગાડીઓ હાલના આરોપીએ બીજા કોઇ પાસેથી મંગાવેલ હોવાની હકિકત જણાવેલ છે. જે બીજી દારૂની ગાડીઓ હાલના આરોપીએ કોની પાસેથી મંગાવેલ છે. તે હકિકત હાલનો આરોપી જ જણાવી શકે તેમ છે. જેથી તેની હાજરી આવશ્યક છે. (જી) આ કામે ગોડાઉનમાંથી એસ્ટ્રલ પાઇપ્સ લીમીટેડ તથા જેકુઆર વર્લ્ડ લી. ના નામના બીલ, ઈ–વે બીલ તથા જેમાં મોકલનાર પાર્ટીનુ એડ્રેસ સ્વામી વિવેકાનંદ રોડ, મનોરમા ચેમ્બર, અંધેરી ઇસ્ટ મુંબઇ તથા સીપીંગ એડ્રેસ આશા એન્ટરપ્રાઇઝ પ્રા.લી. ફીશરીઝ કોલોની, વેરાવળ રોડ, માંગરોળનુ સરનામુ આપેલ છે. સદરહું બિલ્ટી બનાવવામાં માંગરોળની પેઢીનું નામ સરનામું કોને આપી અને બનાવટી બનાવેલ તે અંગે કોઇ હકિકત જણાવેલ ન હોય જે હકિકત મેળવવા હાલના આરોપીની હાજરી આવશ્યક છે. (એચ) આ કામે પકડાયેલ આરોપી પાસેથી મોબાઇલ ફોન કબ્જે કરવામાં આવેલ છે. જેમાં મળી આવેલ મોબાઇલ નંબરોની કોલ ડીટેલ મંગાવેલ છે. જે કોલ ડીટેલ આવ્યેથી આરોપીને સાથે રાખી કોલ ડીટેલ તથા વોટ્સએપ કોલ વિગેરે આપારે પુછપરાક કરવામાં આવે તો સંડોવાયેલ તમામ દસમો અંગેની જાણ કારી મળી આપે તેમ છે. જેથી તેની હાજરી આવશ્યક છે.

(આઈ) તેમજ આ કામના આરોપી હેમાંગ ભદ્રેશભાઈ પાઠક રહે. સુમનભાગ, જી–૩૬/૧૪/૪ પોલીસ સ્ટેશન પાસે, ચોરવાડ તા.માળીયા હાટીના મો.નં. ૯૦૧૬૦૬૯૯૯ વાળાએ પકડાયેલ આરોપીએ સચિન ચુડાસમા તથા પકડવાના બાકી આરોપી વિશાલ ચુડાસમા સાથે ભાગીદારોમાં દારૂ પકડાયેલ આરોપી રવિ ભારાઈ પાસેથી દારૂ મંગાવેલ હોય. તેમજ પકડાયેલ આરોપી સચિન ચુડાસમાની પુછપરછ કરતા દારૂ હેમાંગ મંગાવતો અને દારૂનો હિસાબ હેમાંગ કરતો હતો. તેમજ આરોપી પાઠકની પુછપરછ કરતા દારૂ સચિન રવિ ભારાઇ પાસેથઈ મંગાવતો અને તેનો હિસાબ સચિન રાખતો હોય તેમ જણાવેલ છે. જે હકીકત મેળવવા હાલના આરોપીની હાજરી આવશ્યક છે.

જેથી સદર કામે દાદ માંગવાની કે, (અ) શીલ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૦૩૦૫૫૨૫૦૩૯૭/૨૦૨૫, પ્રોહીબીશન એકટ કયમ-૬૫(એ) (ઈ), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨) ના કામે આરોપીઓના દિન-૦૫ ના રિમાન્ડ મળવા નામદાર. જયુડી. મેજી. ફ. ક. સાહેબ, માંગરોળ (ઈ.ચા., એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ, કેશોદ) ની કોર્ટમાં અરજી કરેલ, જે અરજી તળે નામદાર કોર્ટે રીમાન્ડ ના-મંજુર કરતો હુકમ કરેલ હોય, જે હુકમ રદ કરી, સદર કામના આરોપીના દિમ-૦૫ મા ફીમાજ મળવા હુકમ કરવા તેમજ (બ) આ કામે આનુસંગીક મળી શકતી તમામ દાદ અપાવવા નમ્ર અરજ છે.

**(૨)** અરજદારના વિ.એ.પી.પી.શ્રીએ તેઓની મૌખિક રજૂઆતમાં અરજી મુજબની હકીકત જણાવેલ છે કે, હાલના સામાવાળા/આરોપી સામે શીલ મરીન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૫૫૨૫૦૩૯૭/૨૦૨૫, પ્રોહી. કલમ-૬૫ (એ) (ઇ), ૮૧, ૯૮ (૨), બી.એન.એસ. કલમ-૩૩૬ (૨), ૩૩૬ (૩), ૩૪૦ (૨) મુજબનો ગંભીર પ્રકારનો ગુનાનો આક્ષેપ છે તેમજ હાલના કામના આરોપી રવિ હમીરભાઈ ભારાઈનાઓની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર હોય તે સિવાય હાલના ગુનાના મુળ સુધી પહોચવા આરોપીઓની કસ્ટડીની જરૂરીયાત હોય તેમ છતા, ટ્રાયલ કોર્ટે આરોપીઓની દીન-૫ ના રિમાન્ડ નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે ભુલ ભરેલો, કાયદા વિરુદ્ધનો અને પ્રસ્થાપિત ન્યાયિક સિદ્ધાંતો વિરુદ્ધનો છે, તેથી તે હુકમ અરજીમાં દર્શાવેલ કારણો ધ્યાને લઈ, આરોપીના દીન-૫ ની રિમાન્ડ મંજુર કરવા હુકમ કરવા રજૂઆત કરેલ છે.

**(૩)** ત્યારબાદ આ કામના સામાવાળા/આરોપી તરફે વિ.વ.શ્રી કે.કે.સુત્રેજા હાજર થયેલ છે અને રજૂઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે હુકમ છે તે સ્પષ્ટ હુકમ છે તેની સામે રીવીઝન કરવાનો કોઈ અરજદારનું યોગ્ય કારણ નથી. વધુમાં રજૂઆત કરેલ છે કે, હાલના કામના આરોપી જે કાંઈ જાણતા હતા તે પોલીસને જણાવી દીધેલ છે. વધુમાં હાલના આરોપીઓને અરેસ્ટ કર્યા અંગેના લેખિતમાં કોઈ કારણો જણાવવામાં આવેલ નથી. આરોપી જે કાંઈ જાણતા હતા તે જણાવી દીધેલ છે. આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. જેથી વિ.જયુડી. મેજી.શ્રી માંગરોળ દ્વારા જે રિમાન્ડ રદ કરવાનો હુકમ કરવામાં આવેલ હોય તે યોગ્ય અને કાયદાનુસારનો હોય, અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલ છે.

**(૪)** આ કામે બંન્ને પક્ષના પ્લીડીંગ તથા દલીલો ધ્યાને લેતાં, નીચે મુજબના મુદ્દા નિર્ણય માટે ઉપસ્થિત થાય ચે.

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, માંગરોળના વિ.જ્યુડી. મેજી.શ્રી દ્ધારા શીલ મરીન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૫૫૨૫૦૩૯૭/૨૦૨૫, પ્રોહી. કલમ–૬૫ (એ) (ઇ), ૮૧, ૯૮ (૨), બી.એન.એસ. કલમ–૩૩૬ (૨), ૩૩૬ (૩), ૩૪૦ (૨) મુજબના કામે તા.૩૦–૦૩–૨૦૨૬ ના રોજ આ કામના સામાવાળાની રીમાન્ડ અરજી ના–મજુંર કરેલ તે હુકમ અયોગ્ય, ખોટો, ભુલ ભરેલો, ગેરકાયદેસર હોય તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર છે?

(૨) શું અરજદાર હાલની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું હુકમ?

**(૪.૧)** ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

## –કા ર ણો–

**મુદ્દા નં. ૧ થી ૩**

આ કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય, તમામ મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**(૫)** ઉપરોક્ત બંન્ને પક્ષની રજૂઆત તથા અરજીની હકીકત ધ્યાને લેતાં, વિ.એ.પી.પી.શ્રીએ અરજી મુજબ રીમાન્ડ માટેના કારણો જણાવેલ છે જે ધ્યાને લેતા, પ્રથમ (એ) કારણના સંબંધમાં અરજદાર પક્ષની એવી રજૂઆત છે કે, વિ. નીચેની કોર્ટનો હુકમ અસંતોષકારક અને અયોગ્ય છે. આ કારણ તથ્યો આધારીત ન હોય જેથી આ કારણની વધુ ચર્ચા કરતો નથી.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ અરજીના કારણ (બી) માં સહ–આરોપી સચિન સાથે સંયુક્ત પૂછપરછ અંગે લીધેલ છે અને જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદાર

સહ–આરોપી સચિન ચુડાસમા સાથે જેલમાં સંયુક્ત પૂછપરછ કરવા માંગે છે.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારણ (સી) માં નડિયાદ જેલમાં રહેલ રવિ ભારાઈ અંગે અરજદાર પક્ષની દલીલ છે કે, રવિ હમીર ભારાઇ નડિયાદ જેલમાં છે અને તેની સાથે રાખીને દારૂની ગાડીઓ અને ડ્રાઇવર અંગે તપાસ કરવાની છે.

આ કારણ બી અને સી બાબતે કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ છે કે, રીમાન્ડ માટેના જે કારણો ફરિયાદ પક્ષે જણાવવામાં આવેલ છે તે એવા કારણો હોવા જોઇએ કે જે બાબતેની માહિતી આરોપીના પ્રથમ ૨૪ કલાકની કસ્ટડી દરમિયાન મળી શકે તેમ ન હતી. હાલના‌‌ા કામે આરોપીના કસ્ટડીના પ્રથમ ૨૪ કલાક દરમિયાન આ માહીતી તપાસ કરનાર અમલદાર મેળવી શકતા હતા અને કોઇ ખાસ હકીકત બાબત વિરોધાભાસ અથવા અસ્પષ્ટતા રેકોર્ડ ઉપર આવતી હોય તો તે બાબતે પણ પુછપરછ કરી શકતા હતા અને જો તેમ કરવા માટે સમય ઓછો પડે તો જ પોલીસ રીમાન્ડની માંગણી કરી શકે. હાલના કામે એવી કોઇ હકીકત કે જે બાબતે બંન્ને આરોપીઓને સાથે રાખવાની જરૂર પડે એવી કોઇ સ્પષ્ટ હકીકત તપાસ કરનાર અમલદાર તરફે જણાવવામાં આવેલ નથી. આથી આ કારણો સબબ આરોપીને પોલીસ કસ્ટડી ઉપર સોંપી શકાય નહિ.

વધુમાં જોઇએ તો, આ કામે હાલના આરોપી વિરુદ્ધ તપાસ કરનાર અમલદારે ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ છે. જેને ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નં.૨૮૭/૨૦૨૬ થી રજીસ્ટરે લીધેલ છે. આથી હાલના આરોપી વિરુદ્ધની તપાસ પુર્ણ થઇ ગયેલ હોવાનું ફલીત થાય છે.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારમ (ડી) માં આર્થિક વ્યવહારોની માહિતી – આંગડીયા/બેંક અંગે આરોપીએ સહ–આરોપીઓને કયા માધ્યમથી (બેંક, આંગડીયા કે પેમેન્ટ એપ્લિકેશન) પૈસા મોકલેલા તેની માહિતી મેળવવી તે સંપૂર્ણપણે દસ્તાવેજી પુરાવાનો વિષય છે. પોલીસ આરોપીના બેંક એકાઉન્ટના સ્ટેટમેન્ટ, સીડીઆર અને આંગડીયા પેઢીના રેકોર્ડ્સ કબ્જે કરીને આ વિગતો સ્વતંત્ર રીતે મેળવી શકે છે. કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશન દરમિયાન આરોપીના કથિત સ્વીકારોક્તિના નિવેદનની કાયદામાં કોઈ પુરાવાકીય કિંમત નથી, તેથી દસ્તાવેજી પુરાવા મેળવવા રિમાન્ડની જરૂરિયાત યોગ્ય ઠરાવી શકાય નહિ.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારણ (ઇ) માં આરોપી ૪ મહિનાથી નાસતો ફરતો હતો અને તેની સામે બી.એન.એસ.એસ.ની કલમ–૭૨ મુજબનું વોરંટ હતું, તેથી તેને આશરો આપનારની શોધખોળ કરવાની જરૂર છે તેમ જણાવી પોલીસ રીમાન્ડની માંગણી કરેલ છે. એ.પી.પી.શ્રીની આ રજૂઆત સંદર્ભે જોઇએ તો આ હકીકતો જાણવા

માટે પણ આરોપીની કસ્ટડીના પ્રથમ ૨૪ કલાક જેટલો પુરતો સમય તપાસ કરનાર અમલદારને મળેલ છે અને જો તેઓને આ માહિતી તે સમયગાળામાં મળી ગયેલ હોય તો તેના પુરાવા તેઓ સ્વતંત્ર રીતે જે તે સ્થાનેથી તથા સ્વતંત્ર સાહેદોને તપાસીને મેળવી શકે તેમ છે. જેથી તે માટે પ્રત્યક્ષ કસ્ટડી રિમાન્ડ અનિવાર્ય નથી.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારણ (એફ) માં અન્ય ગાડીઓ કોની પાસેથી મંગાવેલી તે અંગેની હકીકત મેળવવાની દલીલ અન્વયે જોઇએ તો આ હકીકતો જાણવા માટે પણ આરોપીની કસ્ટડીના પ્રથમ ૨૪ કલાક જેટલો પુરતો સમય તપાસ કરનાર અમલદારને મળેલ છે અને જો તેઓને આ માહિતી તે સમયગાળામાં મળી ગયેલ હોય તો તેના પુરાવા તેઓ સ્વતંત્ર રીતે જે તે સ્થાનેથી તથા સ્વતંત્ર સાહેદોને તપાસીને મેળવી શકે તેમ છે. જેથી તે માટે પ્રત્યક્ષ કસ્ટડી રિમાન્ડ અનિવાર્ય નથી.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારણ (જી) માં એસ્ટ્રલ પાઇપ્સ અને જેકુઆર વર્લ્ડના નામના ઇ–વે બીલ ક્યાંથી અને કોણે બનાવ્યા તેની તપાસ કાગળો પર ઉપલબ્ધ ડિજિટલ સોર્સના આધારે વૈજ્ઞાનિક ઢબે થઈ શકે છે. સદરહું દસ્તાવેજો બનાવટી છે કે કેમ તેની વિગતો સંબંધિત કંપનીઓ અને જી.એસ.ટી વિભાગ પાસેથી મેળવવાની હોય છે, જેમાં આરોપીની કસ્ટડીની કોઈ સીધી ભૂમિકા રહેતી નથી.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારણ (એચ) માં આરોપી પાસેથી મોબાઈલ ફોન ઓલરેડી કબ્જે કરી લેવામાં આવ્યો છે અને તેની કોલ ડિટેઈલ મંગાવવામાં આવી છે. સીડીઆરનું વિશ્લેષણ એ એક તકનીકી પ્રક્રિયા છે જે ટેલિકોમ કંપનીના રેકોર્ડ પર આધારિત છે. જેથી માત્ર સીડીઆરના વિશ્લેષણ માટે પોલીસ કસ્ટડી લંબાવી શકાય નહીં.

વધુમાં વિ.એ.પી.પી.શ્રીએ કારણ (આઈ) માં સહ–આરોપીઓ પરસ્પર એકબીજા પર દોષારોપણ કરે છે. જેથી ગુનાના મૂળમાં જવા માટે આરોપીના પોલીસ રીમાન્ડની જરૂર છે. વિ.એ.પી.પી.શ્રીની સદર રજૂઆત સંદર્ભે જોઇએ તો જો તમામ સહ–આરોપીઓને તપાસ કરનાર અમલદાર પુછપરછ કરે તો તેઓ એકબીજા ઉપર દોષારોપણ કરવાથી તે પુરાવાનું સ્થન લઇ શકે નહિ. એટલે કે તપાસ કરનાર અમલદારે તે અંગે સ્વતંત્રરીતે તપાસ કરી પુરાવા એકત્રીત કરવાનું રહે છે. આથી આરોપીઓના એકબીજા ઉપર દોષારોપણ કરવાના કારણે પણ તેઓને પોલીસ રીમાન્ડ ઉપર સોંપી શકાય નહિ.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ માંગરોળના જ્યુડી. મેજી. ફ.ક.શ્રીની કોર્ટ દ્વારા અરજદારની આરોપીના રીમાન્ડ અરજી તળે કરવામાં આવેલ હુકમમાં કોઇ કાયદાકીય ભુલ જણાય આવતી ન હોય જેથી તેઓના હુકમમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય

અને ન્યાયોચીત જણાય આવતો ન હોય, ઉપરોક્ત જણાવેલ **મુદ્દા નં.૧ તથા ૨** નો જવાબ "**નકારમાં**" ઠરાવી, **મુદ્દા નં.૩** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો "**આખરી હુકમ**" કરવામાં આવે છે.

**આ ખ રી હુ ક મ**

(૧) અરજદારની હાલની રીવીઝન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

– હુકમની એક યાદી સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ તારીખ બાવીસમી, માહે જુન, ૨૦૨૬ ના રોજ મારી સહિ કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. કેશોદ**
**તા.૨૨/૦૬/૨૦૨૬**

**( સંજય ધ્રુવકુમાર પંડિય )**
**બીજા એડીશનલ સેશન્સ જજ,**
**કેશોદ.**
જીજે૦૦૫૭૯